PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૭/ક્વા–૦૨/૧૬–૧૭/ 8935 તા. 25/06/16

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
રમેશભાઈ રણછોડભાઈ ઠુંમર,
ગામ: નાના માંડવા,
તા. કોટડા સાંગાણી,
જી: રાજકોટ
મો: ૯૯૭૮૨ ૯૦૪૯૪

વિષય :–નવા ખેતીવાડી વીજજોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૮–૦૯–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૮૭/ક્વા–૦૨/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-3.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, કોટડાસાંગાણી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.



NO: 01 (A)

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૮૭/કવા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીગ તા.૨૩–૦૯–૧૬ સ્થળ :–રાજકોટ

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામઃ રમેશભાઈ રણછોડભાઈ ઠુંમર,ગામઃ નાના માંડવા

રજુઆત કરનાર : અરજદાર શ્રી રમેશભાઈ રણછોડભાઈ ઠુંમર હાજર રહેલ હતા.

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, કોટડાસાંગાણી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :જે.જે.સોની, નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી ગોંડલ

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેતીવાડી વીજજોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ગામઃ માંડવા ખાતે ના સર્વે નંબર : ૨૬ / ૧ પૈકી ૨ મા, નોંધાયેલ – ૦૫ હોપા ના, સામાન્ય યોજના હેઠળ ના, નવા ખેતીવાડી વીજજોડાણ ની તા.૨૬–૦૯–૨૦૦૯ ની અરજી, જે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે. આ જોડાણ અરજદાર શ્રી, તેમની મુળ માંગણી મુજબ ના સર્વે નંબર : ૨૬ / ૧ પૈકી ૨ મા જ આવેલ કુવા / બોર પર ચાલુ કરવા માટે, અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ, જે પંચાયત / મામલતદાર કચેરી પાસેથી મેળવી, અને પીજીવીસીએલ મા રજુ કરવા માંગે છે. આ કાર્યવાહી મા, ખાસ્સો સમય જરૂરી હોય, તેઓની મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ, મુળ તા.૨૬–૦૯–૦૯ ની આ અરજી ની મુદત મર્યાદા, જે તેઓ શ્રી એ અગાઉ વધારાના --૦૬ માસ માટે માંગેલ છે, જેમા વધારા નો સમય જરૂરી હોય, વધારાના ૦૬ માસ માટે વધારો કરી, અને તે મુજબ, સદર મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ અરજી ની મુદત -- નિયમાધીન મર્યાદા હેઠળ ૦૧ વર્ષ ની કરવા અરજદાર શ્રી એ ફોરમ સમક્ષ વિનંતી કરેલ છે. |
| ૧.૨ | વિશેષ મા, અરજદાર જણાવે છે કે, તેઓના અન્ય સર્વે નંબર : ૬૬ મા, હાલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૯૭૦૪/૦૦૨૯૩/૯ (૧૦ હોપા) જે આવેલ છે. આ સર્વે નંબર મા કુલ ૦૨ કુવાઓ આવેલ છે. જે માહે ના જોડાણ વાળા કુવા મા, અપુરતુ પાણી છે. જયારે આજ સર્વે નંબરઃ ૬૬ ના બીજા કુવા મા પુરતુ પાણી છે. અરજદાર ની જાણ મા આવેલ છે કે, હાલ મા, જે સર્વે નંબર ના જે કુવા / બોર પર જોડાણ આપવામા આવેલ હોય, જોડાણ નુ સ્થળ / મીટર નુ સ્થળ કાયમ રાખીને, સદર જોડાણ ના કુલ વીજભાર માહે નો, થોડો વીજભાર, મુળ માંગણી મુજબ ના મુળ કુવા પર, અને બાકી નો થોડો વીજભાર, આજ સર્વે નંબર પર આવેલ બીજા કુવા પર, અંગત રીતે કેબલ લગાડી અને વાપરી શકાય તે મુજબ ની જોગવાઈ સરકાર શ્રી ના વિચારણા હેઠળ છે. જેથી, અરજદાર શ્રી, તેમના સર્વે નંબર : ૬૬ મા આવેલ હાલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૯૭૦૪/૦૦૨૯૩/૯ (૧૦ હોપા) નુ, મુળ જોડાણ નુ સ્થળ, અને કરારીત ૧૦ હોપા નો વીજભાર પણ કાયમ રાખીને, ૦૫ હોપા મુળ કનેકશન વાળી સર્વે નંબર : ૬૬ પર ની જગ્યાના કુવા પર વાપરવા, તેમજ અન્ય ૦૫ હોપા નો વીજભાર, આજ સર્વે નંબરઃ ૬૬ પર ના બીજા કુવા પર વાપરવા માટે, પીજીવીસીએલ ની નિયમાધીન પ્રક્રીયા કરવા તેઓ તૈયાર છે. જેથી, તેઓને આ મુજબ ની મંજુરી આપવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |

| | |
|---|---|
| **૨.૧** | ફોરમ સમક્ષ ના ફરીયાદી અરજદાર ની, તેમની સદર ફરીયાદ અરજી ના, મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે દર્શાવેલ, તેઓ શ્રી ના ગામઃ માંડવા ખાતે ના સર્વે નંબર : ૨૬ / ૧ પૈકી ૨ મા, નોંધાયેલ – ૦૫ હોપા ના, સામાન્ય યોજના હેઠળ ના, નવા ખેતીવાડી વીજજોડાણ ની તા.૨૬–૦૯–૨૦૦૯ ની અરજી, જે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે. આ અરજી ની મુદત મર્યાદા અરજદારે, પ્રથમ ૦૩ માસ માટે, અને ત્યારબાદ ૦૬ માસ માટે ની મુદત મર્યાદા વધારવા માટે, અગાઉ ની વિનંતી અરજી પીજીવીસીએલ મા રજુ કરેલ છે. હવે, અરજદાર શ્રી સદર મુદત મા, કુલ ૦૧ વર્ષ ની મુદત મર્યાદા મા વધારો કરી, અને સદર તા.૨૬–૦૯–૦૯ ની અરજી ને, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમાધીન મર્યાદા હેઠળ ૦૧ વર્ષ ની કરવા ની ફોરમ સમક્ષ વિનંતી કરેલ છે. આ બાબત, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોય, પીજીવીસીએલ કક્ષાએથી માન્ય રાખી, અને અરજદાર ની માંગણી મુજબ તેઓ શ્રી ની સદર તા.૨૬–૦૯–૦૯ ની અરજી ની મુદત મર્યાદા, જે ૦૧ વર્ષ સુધી, પીજીવીસીએલ તરફથી, નિયમાધીન પ્રક્રીયા હેઠળ મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લઈ અને મંજુર કરવામા આવશે. |
| **૨.૨** | તદઉપરાંત, અરજદાર શ્રી એ તેઓના અન્ય સર્વે નંબર : ૬૬ મા, હાલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૯૭૦૪/૦૦૨૯૩/૯ (૧૦ હોપા) જે આવેલ છે. તે જોડાણ વાળા કુવા મા, અપુરતુ પાણી હોવાના કારણોસર, જોડાણ નુ સ્થળ / મીટર નુ સ્થળ કાયમ રાખીને, જોડાણ નો ૧૦ હોપા નો વીજભાર પણ કાયમ રાખીને, ૦૫ હોપા મુળ કનેકશન વાળી જગ્યાના કુવા પર વાપરવા, તેમજ અન્ય ૦૫ હોપા નો વીજભાર, આજ સર્વે નંબર પર ના બીજા કુવા, કે જેમા પુરતુ પાણી છે તે કુવા પર વાપરવા માટે, ફોરમ સમક્ષ વિનંતી કરેલ છે. અરજદાર શ્રી ના જણાવવા મુજબ સદર નિયમ સરકાર શ્રી તરફથી વિચારણા હેઠળ છે. પરંતુ, હાલ પીજીવીસીએલ મા આ મુજબ ની જોગવાઈ નથી. ભવિષ્ય મા સરકાર શ્રી તરફથી સદર બાબત, નિતિ–વિષયક નિર્ણય હેઠળ આવરી લઈ અને, તે અન્વયે વીજકંપની ને, આ મુજબ ના ધોરણ નો પરીપત્ર પાઠવવામા આવશે, ત્યારે અરજદાર શ્રી એ આ મુજબ ની જાણકારી પીજીવીસીએલ મારફત મેળવ્યા બાદ જ, આ મુજબ ની વિધીસર ની અરજી, પીજીવીસીએલ મા, અરજદાર તરફથી રજુ થશે, તો તે મુજબ, અરજદાર શ્રી ની સદર માંગણી પરત્વે નિયમાધીન પ્રક્રીયા હેઠળ યોગ્ય કરવામા આવશે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, અને ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને કરાયેલ મૌખીક રજુઆત, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર ની મુદદા નં. ૧.૧ મા કરાયેલ, વિનંતી સહ ની બાબત, એટલેકે, હાલ ના તબ્બકે, પીજીવીસીએલ કક્ષાએ મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ, તેઓ શ્રી ની તા.૨૬–૦૯–૦૯ ની , તેમના ગામઃ માંડવા ખાતે ના, સર્વે નંબર : ૨૬ / ૧ પૈકી ૨ મા નોંધાયેલ, ૦૫ હોપા ના સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી વાળા મુળ સ્થળ એટલેકે સર્વે નંબર : ૨૬ / ૧ પૈકી ૨ મા આવેલ, મુળ માંગણી મુજબ ના કુવા પર જ મેળવવા માંગતા હોય, માંગણી મુજબ ના ના સ્થળ ની અદ્યતન સ્થિીતી દર્શાવતા દસ્તાવેજીક પેપર્સ રેવન્યુ ખાતા માથી મેળવવા મા ખાસ્સો સમય જરૂરી હોય, જેથી સદર તા.૨૬–૦૯–૦૯ ની અરજી ની, મુદત મર્યાદા, જે તેઓએ અગાઉ, ૯૦ દિવસ તથા ૧૮૦ દિવસ માટે માંગેલ છે. તે સમયમર્યાદા મા હવે તેઓ શ્રી, ૦૧ વર્ષ સુધી વધારો મેળવવા માંગે છે. સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણો ના, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલા કેઈસો મા, હાલ ના તબ્બકે, પીજીવીસીએલ મા, આ મુજબ ની સમયમર્યાદા ૦૧ વર્ષ સુધી આપવાની જોગવાઈ છે. તે જોગવાઈ ને આધિન રહીને, અરજદાર શ્રી ની સદર માંગણી ફોરમ કક્ષાએથી ગ્રાહય રહેલ છે. જેથી, આ બાબતે, સમયમર્યાદા ૦૧ વર્ષ સુધી વધારી આપવા માટે, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૨</u> | તદઉપરાંત, અરજદાર શ્રી એ તેઓના અન્ય સર્વે નંબર : ૬૬ મા, હાલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૯૭૦૪/૦૦૨૯૩/૯ (૧૦ હોપા) જે આવેલ છે. તે જોડાણ વાળા કુવા મા, અપુરતુ પાણી હોવાના કારણોસર, જોડાણ નુ સ્થળ / મીટર નુ સ્થળ કાયમ રાખીને, જોડાણ નો ૧૦ હોપા નો વીજભાર પણ કાયમ રાખીને, ૦૫ હોપા મુળ.કનેકશન વાળી જગ્યાના કુવા પર વાપરવા, તેમજ અન્ય ૦૫ હોપા નો વીજભાર, આજ સર્વે નંબર પર ના બીજા કુવા, કે જેમા પુરતુ પાણી છે તે કુવા પર વાપરવા માટે, ફોરમ સમક્ષ વિનંતી કરેલ છે. હાલ ના તબ્બકે, પીજીવીસીએલ મા આ મુજબ ની જોગવાઈ નથી. ભવિષ્ય મા સરકાર શ્રી તરફથી સદર બાબત, નિતિ–વિષયક નિર્ણય હેઠળ નિર્ધારીત થશે, અને તે અન્વયે વીજકંપની ને, સરકાર શ્રી / જીયુવીએનએલ તરફથી, આ મુજબ ના ધોરણ સરનો પરીપત્ર પાઠવવામા આવશે, ત્યારે અરજદાર શ્રી ની સદર માંગણી, પીજીવીસીએલ કક્ષાએથી ગ્રાહય રહેશે. આ બાબતે ,અરજદાર શ્રી એ, સમયાંતરે પીજીવીસીએલ ની કચેરી પાસેથી, સદર નિયમ અમલવારી મા આવેલ હોવા બાબતે ની જાણકારી મેળવવા ની રહેશે. અને આ મુજબ નો નિયમ પીજીવીસીએલ મા અમલવારી મા આવ્યા બાદ જ, અરજદાર શ્રી એ તેઓની સદર માંગણી મુજબ ની વિધીસર ની અરજી, પીજીવીસીએલ મા, રજુ કરવાની રહેશે, અને તે મુજબ, પીજીવીસીએલ કક્ષાએથી, સદર નિયમ ની હૈયાતી અને અમલવારી અન્વયે, અરજદાર શ્રી ની સદર માંગણી પરત્વે નિયમાધીન પ્રક્રીયા હેઠળ યોગ્ય કરવામા આવશે. સદર બાબતે અરજદાર શ્રી તેમજ પીજીવીસીએલ, એમ બન્ને પક્ષકારો ને, આ મુજબ ની જાણકારી આપવાનો,સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન.ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત** અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..